# વાવોલમાં ફાયરીંગ મેં નથી કર્યુ, મારી પર ફાયરીંગ થયુ હતુ..!

## રૂપિયાની લેતીદેતી માટે વાવોલમાં થયેલા ફાયરીંગ પ્રકરણમાં આરોપી મૌનીક ઊર્ફે મજનુનું ઈન્ટ્રોગેશન થયુ : પોતાની પર ફાયરીંગ થયાનું મજનુનું નિવેદન

ગાંધીનગર, તા. ૧૯

તાજેતરમાં વાવોલ ગામમાં રૂપિયાની લેતીદેતીમાં ફાયરીંગની ઘટના બનવા પામી હતી. આ પ્રકરણમાં આરોપી મજનુ ઊર્ફે મૌનીકે હાઈકોર્ટમાં જામીન અરજી કરી છે. આગામી હીયરીંગ સુધી તેની આ કેસમાં ધરપકડ ન કરવાના પરંતુ પોલીસ ઈન્ટ્રોગેશન માટે બોલાવી શકે તેવી હાઈકોર્ટના આદેશ છે. જેને પગલે સે. ૭ પોલીસે મજનુને ઈન્ટ્રોગેશન માટે બોલાવ્યો ત્યારે તેણે નિવેદન આપ્યું છે કે વાવોલમાં ફાયરીંગ મેં નથી કર્યું પરંતુ મારી ઉપર ફાયરીંગ કરવામાં આવ્યું હતું. પોલીસે નિવેદન નોંધીને વધુ તપાસ આરંભી છે. જો કે કલોલ શહેરના પ્રોહીબીશનના ગુનામાં તે એક વર્ષથી વોન્ટેડ હતો તે પ્રકરણમાં મજનુની ધરપકડ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ થોડા સમય પહેલા વાવોલ ગામમાં મોડી સાંજે ખુલ્લેઆમ ફાયરીંગની ઘટના બનવા પામી હતી તે પ્રકરણમાં ગઈકાલે આરોપી મૌનીક ઊર્ફે મજનુનું સે. ૭ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. સોઢા દ્વારા ઈન્ટ્રોગેશન કરવામાં આવ્યું હતું. પી.આઈ. સોઢાના જણાવ્યા મુજબ આરોપી મજનુએ હાઈકોર્ટમાં જામીન અરજી કરેલી છે તેને જામીન મળ્યા નથી પરંતુ મુદત પડી છે. તે મુદતનું હીયરીંગ ન થાય ત્યાં સુધી આ ફાયરીંગ પ્રકરણમાં આરોપી મજનુને પોલીસ ઈન્ટ્રોગેશન કરી શકશે પરંતુ ધરપકડ કરી શકશે નહી. ગઈકાલે મજનુનું ઈન્ટ્રોગેશન કરવામાં આવ્યું હતું. તેમાં તેણે સ્ફોટક નિવેદન આપ્યુ હોવાનું જાણવા મળ્યુ છે. મજનુના નિવેદન મુજબ તેણે વાવોલમાં ફાયરીંગ કર્યું જ નથી પરંતુ તેની ઉપર ફાયરીંગ કરવામાં આવ્યું હતું. પોલીસે નિવેદન નોંધી વધુ તપાસ શરૂ કરી છે. મજનુ કલોલ સીટીના પ્રોહીબીશનના ગુનામાં એકાદ વર્ષથી વોન્ટેડ હતો તે ગુનામાં તેની ધરપકડ કરવામાં આવી હોવાનું પી.આઈ. સોઢાએ જણાવ્યું છે.



કન્ટેનર ફસાયુ : શહેરના પ્રવેશદ્વાર સમા ઈન્ફોસિટી વિસ્તારમાં વરસાદના કારણે મુખ્ય માર્ગની બાજુના ખાડામાં કન્ટેનર ફસાયું હતું.


# ચોમાસાની સિઝનમાં ટાઈફોઈડના ૧૧ અને કમળાના ૫૬ દર્દીઓ નોંધાયા

## વરસાદી મોસમમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉચકતા સિવિલ તંત્ર સાબદું

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત રાજયમાં વરસાદની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. વરસાદને કારણે ઘર તેમજ માર્ગોની આસપાસ પાણી ભરાઈ રહે છે. પાણીના ભરાવાને પગલે મચ્છરજન્ય રોગચાળો માથું ઉચકે છે. જેમાં ડેન્ગ્યું, મેલેરીયા અને તાવ સહિતની બિમારીઓ થાય છે. પાણીજન્ય રોગચાળામાં ટાઈફોઈડ અને કમળા જેવી બિમારીઓના નાગરીકો ભોગ બને છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક અઠવાડીયામાં ૧ ડેન્ગ્યું, ૫ મેલેરીયા, ૧૧ ટાઈફોઈડ અને ૫૬ કમળાના કેસ નોંધાયા છે. જો કે વરસાદી સિઝનમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાને અનુલક્ષી હોસ્પિટલના તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી છે.

રાજયમાં ધમાકેદાર વરસાદની એન્ટ્રી થઈ ગઈ છે. ઉનાળાની કાળઝાળ ગરમીથી ત્રસ્ત પ્રજાજનોમાં હરખની હેલી પ્રસરી જવા પામી છે. ગરમીથી કંટાળેલા નાગરીકો વરસાદી માહોલમાં ભીંજાવાની મજા લઈ રહ્યા છે.ત્યારે શહેરમાં પાણી અને મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉચકયું હોય તેવું લાગી રહ્યું છે. વરસાદી માહોલમાં વધુ ખતરો મચ્છરોથી નાગરીકોને થાય છે. ચોમાસાની સિઝનમાં ઘર, ઓફીસ, ટાંકી, કુલર, ફ્રીઝ, સહિત માર્ગો પરના ખાબોચીયામાં મચ્છરોનું ઉત્પતિ સ્થાન રહેલું છે. જયારે પીવાના પાણીમાં ચોમાસામાં ગંદુ પાણી ભળતા કમળાની બિમારી નાગરીકોમાં વિશેષ રીતે જોવા મળે છે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક સપ્તાહમાં તાવ, મેલેરીયા, ટાઈફોઈડ સહિતના કેસોમાં વધારો જોવા મળ્યો છે. તા.૧૧ થી ૧૭ દરમિયાન મેલેરીયાના ૫, ટાઈફોઈડના ૧૧, તેમજ કમળાના ૫૬ કેસ પ્રકાશમાં આવ્યા છે. ચોમાસાની સિઝનના પ્રારંભે પાણી તેમજ મચ્છરજન્ય રોગચાળો માથું ઉચક્યું છે ત્યારે આગામી સમયમાં રોગચાળો વધુ ના વકરે તે માટે તંત્રને સજજ કરી દેવામાં આવ્યું છે. મચ્છરોનો ઉપદ્રવ વધવાની સાથે સાથે તંત્રને પણ પાણી તેમજ મચ્છરજન્ય રોગચાળો વકરે નહી તેની કામગીરી માટે લાગી ગયું છે.



હિંમતનગરમાં એસટી બસ સ્ટેન્ડ નજીક આવેલ શિવમ કોમ્પલેક્ષમાં ચાલતા દેવપૂજન હોસ્પિટલમાં સોમવારે રાત્રે રાજસ્થાન રાજ્ય આરોગ્ય વિભાગની પીસી એન્ડ પીએનડીટી સેલ દ્વારા રાજસ્થાનની મહિલાનું ગર્ભપરિક્ષણ કરતા તબીબ જીતેન્દ્ર વી. શુકલને રંગેહાથ ઝડપી લીધા હતા ત્યાર બાદ સોનોગ્રાફી મશીન કબજે લઈ તબીબની ધરપકડ કરી ઉદેપુર લઈ ગયા હતા.

## સરકારી આવાસો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. જે અન્વયે સે-૭ માં ચ વન કક્ષાના બ્લોક નં ૮ ને તોડવાનુ કામ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે. જયારે સે-૭ અને ૧૩ માં અન્ય બે જોખમી બ્લોક તોડી નાંખવાનુ કામ પણ ટુંકમાં શરૂ કરી દેવાશે. સે-૭ મા જ ટુ કક્ષાના બ્લોક નં ૧૫૫ તેમજ સે-૧૩ માં ચ -૧ કક્ષાના બ્લોક નં ૨૫ ને તોડી નાંખવા માટે મંત્રી કક્ષાએથી મંજુરી આપી દેવામાં આવી છે. આ બન્ને બ્લોક ખાલી પણ કરાવી દેવામાં આવ્યા છે. ટુંક સમયમાં જ આ બન્ને ભયજનક બ્લોક તોડી નાંખવામાં આવશે.

## રંગમંચ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિયમો તૈયાર કર્યા છે. જેમાં શિક્ષણને સ્થાન આપતાં પ્રા. શાળાઓમાં મરામત માટે જોગવાઈ કરી અદ્યતન બનાવવા, આંગણવાડી કેન્દ્રોને અદ્યતન સુવિધાથી સજજ કરી સ્માર્ટ આંગણવાડી બને તેના પર ભાર મુકવામાં આવ્યો છે.

જો કે સૌથી મહત્વનો સુધારો એ કર્યો છે કે હવે કાઉન્સીલરો દ્વારા નગરમાં બાંકડા નહિ મુકાય તેમજ સોલાર લાઈટો આપી શકાશે નહિ. કુલર, આર.ઓ. પ્લાન્ટ પણ રજીસ્ટર્ડ થયેલ સંસ્થાઓને જ ફાળવી શકાશે.

આ ઉપરાંત આરોગ્ય કેન્દ્રો જે મનપા હસ્તક છે તેમાં સાધનો વસાવવા માટે ફંડનો ઉપયોગ કરી શકશે. વૃક્ષારોપણ બાદ વૃક્ષોની જાળવણી માટે ટ્રી ગ્રાર્ડ આપી શકાશે. કાઉન્સીલરોને અપાતી ગ્રાન્ટની રકમની બાકીની નીતિ જે અગાઉ હતી તે જ રહેશે તેમ ચેરમેને પત્રકારોને જણાવ્યું હતું.

આજની બેઠકમાં કોન્ફરન્સ રૂમના રિનોવેશન માટે કમિશનરને સત્તા આપવામાં આવી છે. બહુમાળી ભવનમાં હાલ તો કોન્ફરન્સ રૂમ ઘણો જુનો થયો છે. બીજુ સરકારમાં વિડીયો કોન્ફરન્સીંગ વારંવાર યોજાતી હોવાથી તેની સુવિધા સાથેના ફેરફારો આ રિનોવેશનમાં કરવામાં આવશે.

આ ઉપરાંત સ્થાયી સમિતિએ મનપાને ફાળવવામાં આવેલ બગીચાઓ માટે કમ્પાઉન્ડ વોલ બનાવવા ઓન લાઈન ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની મંજુરી આપી છે તેમજ આખરી નિર્ણય માટે સ્થાયી સમિતિમાં રજુ કરવાની પણ મંજુરી આપી છે.

## પાણી આવશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બોટલ સળગી જતા પાણીની સમસ્યા ઉભી થઈ હતી. જુના સેકટરોમાં બે પાણીની ટાંકીના આધારે કરવામાં આવતા સપ્લાયના બદલે માત્ર એક જ ટાંકીના આધારે સપ્લાય આપવામાં આવ્યો હતો. જેના લીધે રોજના ૨૫ એમ એલ ડીના બદલે માત્ર ૧૬ એમ એલ ડી પાણી આપી શકાયુ હતુ. આ સ્થિતિના લીધે નગરના જુના સેકટરોમાં ફાર્સથી પાણી ન આવ્યુ હોવાની બુમરાણ ઉઠવા પામી છે. છેલ્લા ત્રણ દિવસથી સર્જાયેલી આ સમસ્યાના લીધે શહેરના જુના સેકટરોમાં પાણીનો ફાર્સ સાવ ઘટી ગયો હતો. બીજીતરફ ફાલ્ટના સમારકામ માટે તંત્ર દ્વારા નવી વેક્યુમ બોટલ મેળવવાની તજવીજ શરૂ કરી દેવામાં આવી હતી. પરંતુ અમદાવાદ કે બરોડમાં પાર્ટસ ઉપલબ્ધ ન થતા મુંબઈથી જરૂરી પાર્ટસ મંગાવી આજે સમારકામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જેના લીધે બુધવારથી નગરના જુના સેકટરોમાં ફોર્સથી પાણી ઉપલબ્ધ થશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

રાજ્યની પ્રવર્તમાન પરિસ્થિતિમાં શાંતિ જાળવવા માટે મુખ્યમંત્રીશ્રીની પ્રજાજોગ અપીલ

ગુજરાતના સૌ નાગરિક ભાઈઓ-બહેનો,

- આપણે સૌ જાણીએ છીએ કે, ગુજરાતીઓ શાંતિપ્રિય છે.
- દેશ અને દુનિયામાં તેમના આ શાંતિપ્રિય સ્વભાવથી તેમની ખ્યાતિ વિસ્તરી છે.
- શાંતિ એ આપણા સમાજજીવનના સંસ્કાર છે. કર્તવ્યપાલન અને ઘરપરિવારની સારસંભાળ એ તો આપણી સંસ્કૃતિમાં છે.
- થોડા દિવસ પહેલા ગીરસોમનાથ જિલ્લાના ઊનામાં અનુસૂચિત જાતિના યુવકો સાથે જે અત્યાચાર-દુર્વ્યવહાર થયો તે અત્યંત શરમજનક અને કોઈપણ સભ્ય સમાજને ન શોભે તેવી ઘટના છે.
- હું આવા આચરણની સખ્ત શબ્દોમાં નિંદા કરું છું.
- હિંસાનો ભોગ બનેલા યુવાનોને ન્યાય મળે તે માટે અમે કટિબદ્ધ છીએ.
- ઊનાની આ ઘટના સંદર્ભે રાજ્ય સરકારે તરતજ કડક પગલાં લીધા છે.
- અત્યાર સુધીમાં ૧૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જે પોલીસ અધિકારી-કર્મચારીઓએ આ ઘટનામાં તેમની ફરજમાં નિષ્ક્રિયતા દાખવી છે તેવા ચાર પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.
- જે યુવાનો આ અત્યાચારનો ભોગ બન્યા છે તેમને તબીબી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને તેમની સારવારનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ઉપાડશે.
- પ્રત્યેક ઈજાગ્રસ્ત વ્યકિતઓને નિયમાનુસાર રૂા.૪ લાખનું વળતર આપવાનું રાજ્ય સરકારે નક્કી કર્યુ છે તેમાંથી રૂા.૧ લાખની સહાય આપી દેવામાં આવી છે.
- આ કમનસીબ ઘટનાની ગંભીરતા અને સંવેદનશીલતા ધ્યાનમાં લઈને સમગ્ર બનાવની તપાસ સી.આઈ.ડી. ક્રાઈમને સોંપવાના હુકમો કરી દેવામાં આવ્યા છે.
- એટલું જ નહિ, નામદાર હાઈકોર્ટના પરામર્શમાં રહીને આ કેસ સ્પેશિયલ કોર્ટમાં ટ્રાયલ કરવાનો નિર્ણય પણ લીધો છે સ્પેશિયલ પબ્લિક પ્રોસિકયૂટરની નિમણૂંક કરવાનું તથા ૬૦ દિવસમાં ચાર્જશીટ દાખલ કરવાની સૂચનાઓ પણ આપી છે.
- આ સમગ્ર ઘટનાક્રમમાં તલસ્પર્શી તપાસ કરીને કડકમાં કડક પગલાં લેવા તેમજ ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે પ્રશાસનને સૂચનાઓ પણ આપવામાં આવી છે.
- મારી મારા સૌ સમજુ ભાઈ-બહેનોને અપીલ છે કે, આક્રોશને કાબૂમાં રાખીએ. હિંસાથી દૂર રહીએ અને જાહેર મિલકતને નુકસાન ન પહોંચાડીએ.
- આવી જાહેર મિલકતને નુકસાન એ સરવાળે સમાજના દરેક વર્ગોનું નુકસાન છે. જે શાંતિપ્રિય ગુજરાતની ગરીમાને હાનિકારક છે.
- ખાસ કરીને યુવાવર્ગોને મારી નમ્ર અપીલ છે, આવેશ કે આક્રોશમાં આવી જઈ કોઈ અઘટિત પગલું ન ભરશો.
- આપ સૌની શકિતઓનો સકારાત્મક અને વિકાસ માટે વિનિયોગ કરશો.
- ગુજરાતના સમાજજીવનમાં શાંતિ-સલામતી જાળવી રાખવા આપ સૌને નમ્ર અપીલ કરું છું.



આવો, આપણે સૌ સાથે મળીને ગતિશીલ ગુજરાતની અવિરત વિકાસયાત્રાને જાળવી રાખીએ.

શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય